


# શહેરનાં સૌંદર્યને થોડા મલમપટ્ટાની તાતી જરૂર

ભુજની શોભા સમા હમીરસરના મહાદેવનાકા તરફના ગૌઘાટ (રામધૂન) બાજુના અને ઇદગાહ તથા રઘુનાથજી તરફના આરાની સંપૂર્ણ સફાઇ થાય અને કૂવાની તથા કૃષ્ણાજી પુલની જર્જરિતતાને દૂર કરાય એ સમયની માંગ છે. (તસવીર : હર્ષદ ચૌહાણ)

## ખાલી પડેલા હમીરસરના કૂવા પર પાણીની સંગ્રહશક્તિ દર્શાવતો સ્તંભ ફરી મુકાય, કૃષ્ણાજી પુલની સંભાળ લેવાય અને રસ્તાને અડીને આવેલી દીવાલ ઊંચી થાય તેવી માંગ

ભુજ, તા. ૨૫ : શહેરના શોભા સમાન હમીરસર તળાવ સાથે સમસ્ત કચ્છ અને કચ્છીજનોનો એક અતૂટ નાતો છે. દેશ-વિદેશમાં વસતા કચ્છીને વરસાદના વાવડમાં રસ હોય છે અને બીજો પ્રશ્ન હમીરસર ઓગન્યો ? એ જ હોય છે. આ લોકપ્રિય સરોવર અમુક સ્થળોએથી જીર્ણ-શીર્ણ થઇ ગયું છે અને તેની ઉંમર પણ દેખાય છે. જો સુધરાઇ જાગૃતિ બતાવીને આગોતરાં પગલાં લઇ લે તો વધુ વરસાદ બાદ પણ શહેરીજનો પર જોખમ ન સર્જાય.

હમીરસર સાથે ભુજનો તો એક અનેરો નાતો છે. અનેક પેઢીઓ આ તળાવની પાળે પાળે પાંગરી છે. અનેક સંસ્મરણો સાથે આ સરોવરે આ શહેરની ચડતી પડતી, રાજાશાહી-લોકશાહી, રા' રાયધણજીની ધર્મઝનૂની સરમુખત્યારશાહી તો બારભાયાના રાજા વખતની મિલીજુલી સરકાર પણ આ સરોવરે જોઇ છે. પણ હવે ધીમે ધીમે અમુક સ્થળોએથી આ તળાવને જફા પહોંચી છે અને એ વધુ જોખમી સ્વરૂપ ધારણ કરે એ પહેલાં થોડી મરંમત માગે છે.

તળાવમાં પાણીનું પ્રમાણ કેટલું છે એ દૂરથી જોઇ શકાય તે માટે કૂવા પરનું બાંધકામ ધરાશાયી થઇ ચૂક્યું છે. સરોવરની છલકાવવાની ઐતિહાસિક ઘટના આ કૂવા પરના સ્તંભ પરના રેખાંક્નો પર ઘટે છે પણ હવે સ્તંભ નથી તે ફરી ઊભો કાં ન થાય ?

સરોવરમાં જ્યાંથી પૂરના પાણી વહેતા વહેતા આવ સ્વરૂપે આવે છે એ વિજયરાજજી પુસ્તકાલય તરફના કૃષ્ણાજી પુલની જર્જરિતતા પણ ખૂબ જોખમી સ્થિતિ ધરી રહી છે. કટાઇ ગયેલા લોખંડના સળિયા દેખાય છે. સિમેન્ટ ઉખડી ગયો છે અને કાટ વધતો જાય છે. આ જ પુલના એક ખૂણે જ્યાં સેવાભાવીઓ માછલાઓને ખવડાવવા ઊભે છે એ પાળ ખૂબ નાની થઇ ગઇ છે. કારણ કે ડામરના થરના થર રસ્તા પર ચડી ગયા છે. આ જ દીવાલ ખેંગારપાર્ક ભણી જાય છે એ પણ ઘણી નીચી થઇ ગઇ છે અને વચ્ચે વચ્ચે જમીન દબાઇ પણ ગઇ છે. વધુ વરસાદ થાય અને એકાદ ભૂવો પડે તો સરોવરના પાણી એ દિશામાં જોર કરે અને એ તરફની આખી દીવાલ પર ભાર વધી શકે તેમ હોવાનું રોજ જોનારા કહે છે.


વિધાનસભાની ચૂંટણી થઇ ત્યારથી હમીરસરનું સૌંદર્ય વધુ નિખારવાની વાતો થાય છે પણ નક્કર કોઇ જ સ્થિતિ સામે આવી નથી. એ સુશોભીકરણ અને એને ફરતે વોક-વે કે હેરિટેજ વોક જે થાય તે પણ એ પહેલાં આ તકેદારીનાં પગલાં લેવાઇ જાય તો ભાવિ પેઢી આ સરોવર સાથે મીઠી લાગણીથી જોડાઇ રહે, ગોઝારી લાગણીઓથી નહીં.

# ભચાઉ મહિલા કોલેજમાં પરિણામ જાહેર ન થતાં છાત્રાઓ મુશ્કેલીમાં

## રાજ્યની દસ કોલેજના બીજા- ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓના પ્રવેશનો પ્રશ્ન

ભચાઉ, તા. ૨૫ : એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી-મહારાષ્ટ્ર અંતર્ગત ગુજરાતની દસ મહિલા કોલેજના દ્વિતીય અને તૃતીય વર્ષનાં પરિણામ પરીક્ષાના બે માસ પછી પણ જાહેર ન કરાતાં અનેક વિદ્યાર્થિનીઓ દ્વિધામાં મૂકાઇ છે.

આધારભૂત સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી-મહારાષ્ટ્ર અંતર્ગત ચાલતી ભચાઉ મહિલા કોલેજમાં અભ્યાસ કરતી ટી.વાય.ની ૬૫ જેટલી વિદ્યાર્થિનીઓનું પરિણામ સંસ્થા દ્વારા જાહેર ન કરાતાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતી વિદ્યાર્થિનીઓનું ભાવિ જોખમાયું છે, અને વધુ અભ્યાસ અર્થે અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશની મુદ્દત વીતી જતાં તેમનું આખું વર્ષ અભ્યાસ વગર ફાજલ જશે તેવોય ભય છે, તેમજ આ વિશે સ્થાનિક સત્તાધીશોને પણ ઉપરથી યોગ્ય જવાબ મળતો ન હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, સંસ્થાની વડી કચેરી ખાતે સંપર્ક કરતાં હજુ પરિણામ ક્યારે આવશે તે અનિર્ણિત છે. સંસ્થાની લાપરવાહીનાં કારણે આશાસ્પદ વિદ્યાર્થિનીઓનું આગળનું શિક્ષણ ન અટકે તે માટે શૈક્ષણિક સંસ્થાઓએ વિચારવું જોઇએ એવો મત પ્રવર્તે છે.



**સામૂહિક યોગ સાધના :** ભુજના ઐતિહાસિક સ્થળ પર શનિવારે આર્ટ ઓફ લિવિંગ દ્વારા રામકુંડ, છતરડી, પેન્શન ઓટલા પર સાધકોએ યોગ કર્યો હતો, જેનું એક કલાત્મક દ્રશ્ય. (તસવીર : દીપક રાઠોડ)

# વેકેશનની વળતર રજા જમા નહીં થતાં પ્રા. શિક્ષકો ચિંતામાં

## અંદાજે ૧૨થી ૧૩ દિવસની રજા સર્વિસ બુકમાં જમા ન થઇ : સંગઠન ચૂપ

ભુજ, તા. ૨૫ : ગત નગરપાલિકાઓની ચૂંટણી ટાણે દિવાળી વેકેશન વખતે વહીવટીતંત્ર દ્વારા સરકારી કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોને હેડક્વાર્ટર ન છોડવા ટેલિફોનિક સૂચનાઓ આપી અને સંભવતઃ લેખિત હુકમો પણ કરાયા હતા. જેના આધારે મુખ્ય શિક્ષકોએ પોતાની શાળાના પ્રાથમિક શિક્ષકોને લેખિત સૂચનાઓ મળી અને ૨૧ દિ'નું વેકેશન ભોગવવા ન આપ્યું, પરંતુ આ રજાઓ હજુ જમા થઇ નથી.

દિવાળી વેકેશન દરમ્યાન જ ચૂંટણીઓ યોજાઇ અને મોટાભાગના સરકારી કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોને ચૂંટણીની તાલીમ અને ચૂંટણી ફરજો સોંપવામાં આવી. જે સરકારી કર્મચારીઓ વેકેશન પાત્ર કર્મચારીઓ હોય છે એમને તથા પ્રાથમિક શિક્ષકો જો આખું વેકેશન ભોગવી ન શકે તો એમના જ નિયમોનુસાર એમને પ્રાપ્ત રજાઓ એમની સર્વિસ બુકમાં જમા કરવાની રહે છે. આવી રજાઓ નિવૃત્તિ વખતે રોકડમાં રૂપાંતર પામતી હોય છે, જેથી આવી પ્રાપ્ત રજાઓનું મહત્ત્વ છે.

આજે ઘણા લાંબા સમયથી રાજ્યના કેટલાક જિલ્લાઓને બાદ કરતાં શિક્ષણ વિભાગના કાયમી હુકમ મુજબ જે શિક્ષક વેકેશન ભોગવી શકયા નથી એની નિયમોનુસારની ગણતરી કરી અંદાજે ૧૨થી ૧૩ દિવસની પ્રાપ્ત રજાઓ સર્વિસ બુકમાં જમા કરવાની રહે છે, પરંતુ કચ્છ જિલ્લા સહિત અન્ય જિલ્લામાં આ પરિપત્રની અમલવારી થઇ નથી. પ્રાથમિક શિક્ષક સંઘ મોટું સંગઠન છે તથા કચ્છમાં પણ કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજ અને તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજ મજબૂત સંગઠન હોવા છતાં પોતાના શિક્ષકોને આ લાભ અપાવી શક્યા નથી, તેવું કેટલાક શિક્ષકોએ જણાવ્યું હતું.

# સંસ્થા સમાચાર

### જૈન સોશિયલ ગ્રુપ-ભુજ (મિડટાઉન)

**ભુજ :** વર્ષ ૨૦૧૬-૧૭માં નીચે મુજબના હોદ્દેદારની નિયુક્તિ કરાઈ છે. પ્રમુખ-દીપક પી. શાહ, ઉપપ્રમુખ-દિનેશ વી. વોરા, મંત્રી-વીનેશ કે. સંઘવી, સહમંત્રી-ભાવેશ એન. દેસાઇ, ખજાનચી-રાજેશ સી. શાહ.



પ્રમુખ ઉપપ્રમુખ મંત્રી સહમંત્રી ખજાનચી

### માતાનામઢ વેપારી મંડળ

**દયાપર (તા. લખપત) :** માતાનામઢ ખાતે વેપારી મંડળની પ્રથમ વખત રચના કરાઇ છે. જેમાં પ્રમુખ તરીકે અરવિંદ આર. શાહ (ધીરજ સ્ટોર્સ), મહામંત્રી ગિરીશ એલ. જોષી, ઉપપ્રમુખ શોકતઅલી ખોજા અને ગુલાબસિંહ જાડેજા, મંત્રી તરીકે નિતેષ વી. ગાંધી, યોગેશ કે. પટેલ, શિવુભા ચૌહાણ, ખજાનચી તરીકે ચંપક શાહ, ફિરોજ ખોજા, સચિન કાપડી અને સલાહકાર સમિતિ તથા કારોબારી સમિતિની રચના સર્વાનુમતે કરાઇ હતી. માતાનામઢ વિકાસ માટે પણ વેપારી મંડળ જાગૃત રહે તેવો બેઠકમાં ભાર મુકાયો હતો.



પ્રમુખ ઉપપ્રમુખ મહામંત્રી મંત્રી ખજાનચી


ADMISSION OPEN

adani

The Adani Institute of Infrastructure is devoted to creating 'Nation Builders' by building the minds that will build the Nation. It is a unique institute that is committed to producing the finest minds in Management and Engineering that are specialized in infrastructure creation and management. Visit the website and go through the curriculum and offerings.

But most importantly, think about what you want out of life. Do you want a Job? A career? Or do you want a place in the history of India?




Choose India.

- First of its kind in India for Infrastructure Sector
- Ranked 1st in GTU Academic Performance in Engineering
- Extensive Industry Interface
- World Class Curriculum including Live Projects
- AICTE Approved

Adani Institute of Infrastructure Engineering (AIIE)
B. E. (Civil & Infrastructure Engg.)
B. E. (Electrical Engg.)
www.aiie.ac.in

Adani Institute of Infrastructure Management (AIIM)
PGDM (Infrastructure Management)
www.aiim.ac.in

creating the nation builders

Adani Institute of Infrastructure
Shantigram Township, Nr. Vaishnodevi Circle,
SG Highway, Ahmedabad 382421

Tel No. : 079-25556592, 25556870
Mobile No.: +91 90990 55650

Adani Institute of Infrastructure
Management - Engineering






100% શુદ્ધ જૉન્સન® બેબી નેચરલ ઑઇલ અને તમારા હાથેથી દરરોજ થતી માલિશ તમારા શિશુના સમગ્ર વિકાસમાં મદદ કરે છે, જેથી તે વધતો રહે ખિલતો રહે અને આપનો સ્પર્શ સવારે એની આવતીકાલ.

**જૉન્સન્સ® ને પૂછો:** કૉલ ટૉલ ફ્રી-1800 22 8112, ઈ-મેઈલ-care@jnjindia.com
www.johnsonsbaby.in અથવા www.safetyandcarecommitment.com
/johnsonsbabyindia

clinically mildness proven · Doctor's No.1 Recommended* · 100% શુદ્ધ

Johnson's અને આપનો સ્પર્શ સવારે એની આવતી કાલ

*Based on the survey conducted by IMS Health in selected metro cities with pediatricians of India during Aug - Sept - 2014



SANKALCHAND PATEL UNIVERSITY

# સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનિયરીંગ, વિસનગર (Estd: 1999)

સાંકળચંદ પટેલ વિદ્યાધામ, કમાણા ચાર રસ્તા, વિસનગર - ૩૮૪૩૧૫

**એડમિશન ઓપન ૨૦૧૬-૧૭**

પ્રથમ વર્ષ B.Tech. (ડિગ્રી એન્જીનિયરીંગ) (ડિપ્લોમા ટુ ડિગ્રી - D2D)
+ કોમ્પ્યુટર
+ આઇ.ટી.
+ ઈ.સી.
+ મિકેનીકલ
+ સિવિલ
+ ઈલેક્ટ્રીકલ

માસ્ટર ડિગ્રી (M.Tech.)
+ કોમ્પ્યુટર (સોફ્ટવેર એન્જીનીયરીંગ)
+ ઈ.સી. (વાયરલેસ કોમ્યુનીકેશન ટેકનોલોજી)
+ ઈ.સી. (સિગ્નલ પ્રોસેસીંગ એન્ડ કોમ્યુનીકેશન)
+ મિકેનીકલ (CAD/CAM)
+ ઈલેક્ટ્રીકલ (પાવર સિસ્ટમ)

મુખ્ય લાક્ષણિકતાઓ:
+ ૩૫,૦૦૦+ પુસ્તકો
+ Wi-Fi કેમ્પસ
+ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ
+ બુક એન્ડ સ્ટેશનરી સ્ટોર
+ એ.ટી.એમ.
+ ટ્રાન્સપોર્ટેશન
+ સ્પોર્ટસ્ કોમ્પ્લેક્ષ
+ ૨૫૦+ સ્ટાફ
+ ડીજીટલ લાયબ્રેરી

સહાયતાઓ:
+ શૈક્ષણિક રીતે તેજસ્વી અને/અથવા આર્થીક રીતે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ
+ ઈ.સી/આઈ.ટી બ્રાન્ચ (B.Tech. અને D2D), ઈલેક્ટ્રીકલ બ્રાન્ચ (B.Tech.) ની ફી માં વાર્ષિક રૂા.૨૦,૦૦૦/- રાહત
+ માસ્ટર ડિગ્રી (M.Tech- કોમ્પ્યુટર, ઈ.સી, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ) ની ફી માં વાર્ષિક રૂા.૩૦,૦૦૦/- રાહત
+ ઉત્તર-ગુજરાતના વિદ્યાર્થીઓના અપડાઉન માટે એસ.ટી પાસ ના દરે કોલેજ-બસની સગવડ
+ SC/ST/OBC ના વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ સ્કોલરશીપ મળશે

ACPC દ્વારા માન્ય અધિકૃત ઓનલાઈન એડમિશન હેલ્પ સેન્ટર

MBA MCA

B.Tech./D2D/M.Tech. ✆ ૯૦૫૪૪ ૪૪૪૩૨ MBA-MCA ✆ ૯૯૨૫૦ ૩૫૯૮૫

www.spcevng.ac.in